*એમ.ડી.સોલંકી*
*ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર*
*અને અપીલ અધિકારી (RTI)*

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલીસરા, સુરત–૦૩
ફોન: ૨૪૨૩૭૫૧–૫૬ (એક્ષ.૩૪૧)
મો.નં. : ૯૭૨૪૩–૪૫૫૩૩

## પ્રથમ અપીલ

**અરજી નં.SMC/INQ/FAP/NO.01, ૨૦૨૧–૨૨**

**અરજદાર : શ્રી પીયુષ ડી. માંગુકીયા**
**સામાવાળા : સેકશન ઓફીસર(ઈન્કવાયરી) અને જાહેર માહિતી અધિકારી.**

***ફરીયાદની હકીકત :–***

**વિષયઃ–** આઈ.ડી.નં.૮૩ જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક (મધ્યસ્થ કચેરી) ના પત્ર નં. સી./આર.ટી.આઈ./૮૩, તા.૧૧/૦૫/૨૦૨૧ (કોમ્પ્યુટર આઈ.ડી. નં.૩૦૦/૪૬૮૮૧) થી મળેલ અરજી અંગે આજ દિન સુધી કોઈ માહિતી મળેલ નથી નું જણાવી તા.૨૯/૦૫/૨૦૨૧ થી પ્રથમ અપીલ કરેલ છે. જે અત્રેના ખાતાને તા.૩૧/૦૫/૨૦૨૧ ના રોજ મળેલ અપીલ અરજી બાબત.

***અપીલના મુદ્દા :–***

અરજદારે અપીલમાં આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળની અરજી આઈ.ડી.નં.૮૩ જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક (મધ્યસ્થ કચેરી) ના પત્ર નં. સી./આર.ટી.આઈ./૮૩, તા.૧૧/૦૫/૨૦૨૧ (કોમ્પ્યુટર આઈ.ડી. નં.૩૦૦/૪૬૮૮૧) થી મળેલ અરજી અંગે આજ દિન સુધી કોઈ માહિતી મળેલ નથી નું જણાવી તા.૨૯/૦૫/૨૦૨૧ થી પ્રથમ અપીલ કરેલ છે. જે અત્રેના ખાતાને તા.૩૧/૦૫/૨૦૨૧ ના રોજ મળેલ, જે અત્રેના અપીલ રજીસ્ટરે નં.INQ/FAP/NO.01/૨૦૨૧–૨૨ થી નોંધ કરેલ છે. જે અપીલ અન્વયે હાલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) એ નીચે મુજબની પૂર્તતા કરેલ છે.

***જાહેર માહિતી અધિકારી તરફથી પૂર્તતાઃ–***

જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક (મધ્યસ્થ કચેરી) ના પત્ર નં. સી./આર.ટી.આઈ./૮૩, તા.૧૧/૦૫/૨૦૨૧ (કોમ્પ્યુટર આઈ.ડી. નં.૩૦૦/૪૬૮૮૧) જે અત્રેના ખાતાને તા.૧૨/૦૫/૨૦૨૧ નાં રોજ મળેલ છે. જે અન્વયે અત્રેના ઈન્કવાયરી ખાતાના ઉપલબ્ધ રેકર્ડ મુજબ અત્રેના પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૧૨૩, તા.૨૬/૦૫/૨૦૨૦ થી નીચે મુજબની પૂર્તતા કરેલ છે.

| માંગેલી માહિતી | પૂર્તતા |
|---|---|
| મુદ્દા નં. ૧, ૪, ૫, ૭ થી ૧૪ ની આંશિક મુદ્દાની ખાતાકીય તપાસની માહિતી | નામદાર સુપ્રિમ કોર્ટની એપેલેટ બેન્ચ સમક્ષની સ્પે.લીવ પીટીશન (સીવીલ) નં.૨૭૭૩૪/ ૨૦૧૨ (ગીરીશ રામચંદ્ર દેશપાંડે વિ.સેન્ટ્રલ ઈન્ફોર્મેશન કમિશ્નર અને બીજા) ના કામે તા.૩/૧૦/૨૦૧૨ ના રોજ આપેલ રીપોર્ટેબલ જડ્જમેન્ટમાં પ્રતિપાદિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા તેમજ તે જ સિધ્ધાંત મુજબ નામદાર ગુજરાત આયોગના રાજય મુખ્ય માહિતી કમિશ્નરશ્રી બલવંતસિંઘ સાહેબે તેમની સમક્ષની બીજી અપીલ નં.અ–૩૭૧૫–૨૦૧૬ ના કામે આપેલ ચુકાદા મુજબ સરકારી અધિકારી વિરૂધ્ધની તપાસ/ફરિયાદ અંગેની માહિતી "અંગત" માહિતી ગણાતી હોય તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના સિવિલ અપીલ નં.૨૨/૨૦૦૯ કેનેરા બેંક વર્સીસ સી.એસ.શ્યામ એન્ડ અધર તા.૩૧/૦૮/૨૦૧૭ ના ચુકાદામાં તમોએ માંગેલ માહિતી જાહેર કરવાની બાબત વિશાળ જાહેર હિતમાં સંબંધ ધરાવતી હોવાનું જણાતુ ન હોય, માહિતી મેળવવાના અધિનિયમની કલમ–૮ (૧)(ઠ) ની જોગવાઈ મુજબ ત્રાહિત પક્ષકાર/અરજદારને માંગણી મુજબની માહિતી જાહેર કરવા જોગ નથી. જે જાણશો.<br>માંગેલ માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ હોય તો પણ ઉપરના ચુકાદા અનુસાર આપી શકાય નહી. |

અરજદારની નમુના–ક ની અરજીની વિગતોમાં મુદ્દા નં. ૧, ૪, ૫, ૭ થી ૧૪ ની આંશિક મુદ્દાની ખાતાકીય તપાસની માહિતીની માંગણી કરેલ. પરંતુ ઉપર અરજદારને કરવામાં આવેલ પૂર્તતામાં જણાવ્યા મુજબ "નામદાર સુપ્રિમ કોર્ટની એપેલેટ બેન્ચ સમક્ષની સ્પે.લીવ પીટીશન (સીવીલ) નં.૨૭૭૩૪/ ૨૦૧૨ (ગીરીશ રામચંદ્ર દેશપાંડે વિ.સેન્ટ્રલ ઈન્ફોર્મેશન કમિશ્નર અને બીજા) ના કામે તા.૩/૧૦/૨૦૧૨ ના રોજ આપેલ રીપોર્ટેબલ જડ્જમેન્ટમાં પ્રતિપાદિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા તેમજ તે જ સિધ્ધાંત મુજબ નામદાર ગુજરાત આયોગના રાજય મુખ્ય માહિતી કમિશ્નરશ્રી બલવંતસિંઘ સાહેબે તેમની સમક્ષની બીજી અપીલ નં.અ–૩૭૧૫–૨૦૧૬ ના કામે આપેલ ચુકાદા મુજબ સરકારી અધિકારી વિરૂધ્ધની તપાસ/ફરિયાદ અંગેની માહિતી **"અંગત" માહિતી ગણાતી હોય** તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના સિવિલ અપીલ નં.૨૨/૨૦૦૯ કેનેરા બેંક વર્સીસ સી.એસ.શ્યામ એન્ડ અધર તા.૩૧/૦૮/૨૦૧૭ ના ચુકાદામાં તમોએ માંગેલ માહિતી જાહેર કરવાની બાબત વિશાળ **જાહેર હિતમાં જાહેર થઈ શકે નહિ,** માહિતી મેળવવાના અધિનિયમની કલમ–૮ (૧)(ઠ) ની જોગવાઈ મુજબ ત્રાહિત

પક્ષકાર/અરજદારને માંગણી મુજબની માહિતી જાહેર કરવા જોગ નથી. જે જાણશો. માંગેલ માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ હોય તો પણ ઉપરના ચુકાદા અનુસાર આપી શકાય નહી." મુજબનો અરજદારનેપત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૧૨૩, તા.૨૬/૦૫/૨૦૨૦ થી જાહેર માહિતી અધિકારી ધ્વારા જવાબ (પુર્તતા) પાઠવવામાં આવેલ.

**<u>સુનાવણીની વિગતો :–</u>**

જાહેર માહિતી અધિકારીનો પૂર્તતા અહેવાલ, જોતાં પ્રથમ દર્શનીય રીતે જ સુનાવણી કરવાનું કોઈ કારણ જણાયેલ નથી. જેથી આ કિસ્સામાં સુનાવણી કરવામાં આવેલ નથી.

**<u>અપીલ અધિકારીનું તારણ :–</u>**

અરજદારની નમુના–ક ની અરજીની વિગતોમાં મુદ્દા નં. ૧, ૪, ૫, ૭ થી ૧૪ ની આંશિક મુદ્દાની ખાતાકીય તપાસની માહિતીની માંગણી કરેલ.

નામદાર સુપ્રિમ કોર્ટ તથા આયોગનાં ચુકાદાને આધિન જાહેર માહિતી અધિકારીએ આપેલ જવાબ યોગ્ય જણાતો હોય અપીલ નામંજુર કરવાના કારણો નીચે મુજબ છે.

(૧) આ કામના જાહેર માહિતી અધિકારી ધ્વારા સમયમર્યાદામાં યોગ્ય પ્રત્યુત્તર પાઠવેલ છે.

(૨) જાહેર માહિતી અધિકારીએ નામદાર ગુજરાત માહિતી આયોગનો હુકમ જેમાં ખાતાકીય તપાસની માહિતી "અંગત" માહિતી ગણાતી હોવાથી આપી શકાય નહિ તે જવાબ યોગ્ય જણાય છે.

આમ, ઉપરોકત ચર્ચેલ વિગતે અરજદારની નમુના–ક ની અરજીમાં માંગ્યા મુજબ ઉપર જણાવેલ વિગતે જાહેર માહિતી અધિકારી તરફથી યોગ્ય તથા સમયસર લાગત મુદ્દાના પુરાવા સહિત જવાબ પાઠવવામાં આવેલો હોવાનું જણાતું હોય, અરજદારને હાલની આ અપીલ કરવાનું કોઈ કારણ ઉપસ્થિત થયેલું જણાતું નથી. તેથી હાલ અરજદાર અપીલમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર નથી. સબબ, નીચે મુજબ હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

અરજદારની અરજીના મધ્યસ્થ મહેકમ (ઈન્કવાયરી) વિભાગને લાગત જણાતા મુદ્દાઓ પરત્વે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ધ્વારા પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા યોગ્ય જણાતી હોય **અપીલ અરજી દફતરે કરી અરજીનો નિકાલ કરવામાં આવે છે.**

અરજદાર આ હુકમથી નારાજ હોય તો માહિતી મેળવવાના અધિનિયમની કલમ–૧૯(૩) તેમજ ગુજરાત માહિતીનો અધિકાર નિયમો–૨૦૧૦ ની કલમ–૬(૨) મુજબ આ હુકમ મળ્યાની તારીખથી દિન–૯૦ માં રાજય માહિતી કમિશ્નર, ગુજરાત માહિતી આયોગ, "કર્મયોગી ભવન" બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦ એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ગુજરાતને બીજી અપીલ કરવા હકકદાર છે.

(એમ. ડી. સોલંકી)
ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર અને
પ્રથમ અપીલ અધિકારી
સુરત મહાનગરપાલિકા, સુરત.

નં.જીએડી/ઈએસટી/આઈ/૧૭૦
તા.૧૬/૦૬/૨૦૨૧

*એમ.ડી.સોલંકી*
*ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર*
*અને અપીલ અધિકારી (RTI)*

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલીસરા, સુરત–૦૩
ફોનઃ ૨૪૨૩૭૫૧–૫૬ (એક્ષ.૩૪૧)
મો.નં. : ૯૭૨૪૩–૪૫૫૩૩

**પ્રથમ અપીલ**

**અરજી નં.SMC/INQ/FAP/NO.02,**
**૨૦૨૧–૨૨**

**અરજદાર : શ્રી ગોપાલ કનૈયાલાલ લાભા**
**સામાવાળા : સેકશન ઓફીસર(ઈન્કવાયરી) અને જાહેર માહિતી અધિકારી.**

***ફરીયાદની હકીકત :–***

**વિષયઃ–** આઈ.ડી.નં.૪૫૦ એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારી નાગરિક સુવિધા ના પત્ર નં.સીસીસી.સીઝેડ/આર.ટી.આઈ/આઉટ/૪૫૦, તા.૨૭/૦૫/૨૦૨૧ (કોમ્પ્યુટર આઈ.ડી. નં. ૩૦૦/ ૪૭૦૬૧) થી મળેલ અરજી અંગે માંગ્યા મુજબના ડોકયુમેન્ટો પુરા પાડવામાં આવેલ નથી એવુ જણાવી તા.૨૪/૦૬/૨૦૨૧ થી પ્રથમ અપીલ કરેલ છે. જે હાથોહાથ અત્રેના ખાતાને તા.૨૪/૦૬/૨૦૨૧ ના રોજ મળેલ અપીલ અરજી બાબત.

***અપીલના મુદ્દા :–***

અરજદારે અપીલમાં આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળની અરજી આઈ.ડી.નં.૪૫૦ એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારી નાગરિક સુવિધા ના પત્ર નં.સીસીસી.સીઝેડ/આર.ટી.આઈ/આઉટ/૪૫૦, તા.૨૭/૦૫/૨૦૨૧ (કોમ્પ્યુટર આઈ.ડી. નં. ૩૦૦/ ૪૭૦૬૧) થી મળેલ અરજી અંગે માંગ્યા મુજબના ડોકયુમેન્ટો પુરા પાડવામાં આવેલ નથી એવુ જણાવી તા.૨૪/૦૬/૨૦૨૧ થી પ્રથમ અપીલ કરેલ છે. જે હાથોહાથ અત્રેના ખાતાને તા.૨૪/૦૬/૨૦૨૧ ના રોજ મળેલ જે અત્રેના અપીલ રજીસ્ટરે નં.INQ/FAP/NO.02/૨૦૨૧–૨૨ થી નોંધ કરેલ છે. જે અપીલ અન્વયે હાલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) એ નીચે મુજબની પૂર્તતા કરેલ છે.

**<u>જાહેર માહિતી અધિકારી તરફથી પૂર્તતાઃ–</u>**

એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારી નાગરિક સુવિધા ના પત્ર નં.સીસીસી.સીઝેડ/ આર.ટી.આઈ/આઉટ/૪૫૦, તા.૨૭/૦૫/૨૦૨૧ (કોમ્પ્યુટર આઈ.ડી. નં. ૩૦૦/ ૪૭૦૬૧) જે અત્રેના ખાતાને તા.૨૭/૦૫/૨૦૨૧ નાં રોજ મળેલ છે. જે અન્વયે અત્રેના ઈન્કવાયરી ખાતાના ઉપલબ્ધ રેકર્ડ મુજબ અત્રેના પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૧૬૨, તા.૧૧/૦૬/૨૦૨૧ થી નીચે મુજબની પૂર્તતા કરેલ છે.

| અરજીના મુદ્દા નં. | માંગેલી માહિતી | **પૂર્તતા** |
|---|---|---|
| ૨ | હમો અરજદારે સુરત શહેર એ.સી.બી.પો.સ્ટે.માં કરેલ અરજીનાં સંદર્ભે તમારી કચેરીનાં (૧)જે તે સમયનાં કાર્યપાલક ઈજનેર માનસંગ નરસંગભાઈ ચૌધરી,(૨)જે તે સમયનાં ડેપ્યુટી એન્જીનીયર નિલેશચંદ્ર રામચંદ રામાવત, (૩) જે તે સમયનાં આસીસ્ટન્ટ એન્જીનીયર નિલેશ રીપુભાઈ પટેલનાઓ વિરૂદ્ધમાં એ.સી.બી.પો.સ્ટે.નાં જવાબદાર અધિકારીશ્રીઓએ ગુનો રજીસ્ટર્ડ કરેલ ત્યારબાદ આપ સાહેબશ્રીની કચેરી ધ્વારા ઉપરોકત અધિકારીશ્રીઓને સસ્પેન્ડ કરવામાં આવેલ અને અમારી જાણકારી મુજબ હાલમાં તેઓ ફરી આપશ્રીની કચેરીમાં જે તે હોદ્દા ઉપર નોકરી કરી રહે હોય ઉપરોકત લોકોને કયા કારણસર ફરીથી નોકરીએ રાખેલ હોય અને તે અંગેની જે કંઈ પણ કાર્યવાહી કરવામાં આવેલ હોય તે તમામ કાર્યવાહીને તમામ કાર્યવાહીને લગતા પેપર્સોની સર્ટીફાઈડની નકલ આપવા વિનંતી છે. | આપે માંગેલ માહિતી પાના ગુજરાત સરકારશ્રીના ઠરાવ ક્રમાંક નં.સીવીઓ –૧૨૨૦૦૫–૧૦૭૭ –ત.એ. તા.૨૦/૦૭/૨૦૦૭ ના પાનાની નકલ નંગ–૫ પાના દીઠ રૂા.૨/– લેખે રૂા.૧૦/– તેમજ સુરત મહાનગરપાલિકાની તા.૨૯/૦૫/૨૦૨૦ ના સામાન્ય સભાના ઠરાવ નં.૨૦૨/૨૦૨૦ ના પાના નંગ–૦૧ ના રૂા.૦૨/– મળીને કુલ રૂા.૧૨/– (અંકે બાર રૂપિયા પુરા) મહાનગરપાલિકાના સીવીક સેન્ટરમાં જમા કરાવી,તે રસીદની નકલ અત્રે રજુ કર્યેથી તમોને આપવા જોગ માહિતી પુરી પાડવામાં આવશે. તમો તેવી નકલ ફી ના નાણાં જમા કરાવી રસીદ રજૂ કરવામાં કસુર કરશો તો તમોને માહિતી મેળવવામાં રસ નથી તેમ માની તમારી અરજી દફતરે કરવામાં આવશે. જેની નોંધ લેશો. |

અરજદારની નમુના–ક ની અરજીની વિગતોમાં ધ્યાને લઈ તેઓને નીચે મુજબની માહિતી પુરી પાડવા પાના નંગ–૦૬ આપવાના થતા હતા. તા.૧૧/૦૬/૨૦૨૧ ના રોજ નાણાં ભરવા લખેલ પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૧૬૨ થી મહાનગરપાલિકાના સીવીક સેન્ટરમાં નાણાં જમા કરાવતા અરજદારે રજુ કરેલ રસીદ ઉપર સહી લઈ ઉપલબ્ધ પાના નંગ–૦૬ ની નકલ **તા.૧૫/૦૬/૨૦૨૧ ના રોજ રૂબરૂમાં નીચે જણાવેલ માહિતી જાહેર માહિતી અધિકારી ધ્વારા હાથોહાથ આપવામાં આવેલ.**

**(૧) સુ.મ.પા.નો તા.૨૯/૦૫/૨૦૨૦ નો ઠરાવ નં.૨૦૨/૨૦૨૦**
**(૨) ગુજરાત સરકારશ્રીનો સામાન્ય વહીવટ ઠરાવ ક્રમાંક સીવીઓ–૧૨૨૦૦૫–૧૦૭૭–ત.એ.**

**<u>સુનાવણીની વિગતો :–</u>**

જાહેર માહિતી અધિકારીનો પૂર્તતા અહેવાલ, જોતાં પ્રથમ દર્શનીય રીતે જ સુનાવણી કરવાનું કોઈ કારણ જણાયેલ નથી. જેથી આ કિસ્સામાં સુનાવણી કરવામાં આવેલ નથી.

**<u>અપીલ અધિકારીનું તારણ :–</u>**

અરજદારે કરેલ હાલની પ્રથમ અપીલના અનુસંધાને જાહેર માહિતી અધિકારીની પુર્તતા જોતા, અરજદારશ્રીએ તા.૨૪/૦૬/૨૦૨૧ ના રોજ કરેલ પ્રથમ અપીલ હાથોહાથ અત્રેના ઈન્કવાયરી ખાતાને તા.૨૪/૦૬/૨૦૨૧ ના રોજ મળેલ છે. અરજદારની નમુના–ક ની અરજીની વિગતોમાં માંગેલ માહિતી મુજબ પાના નંગ–૦૬ આપવાના થતા હતા. તા.૧૧/૦૬/૨૦૨૧ ના રોજ નાણાં ભરવા લખેલ પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૧૬૨ થી મહાનગરપાલિકાના સીવીક સેન્ટરમાં રસીદ નં.૩૦૦/૧૬૭, તા.૧૫/૦૬/૨૦૨૧ થી નાણાં જમા કરાવતા અરજદારે રજુ કરેલ રસીદ ઉપર સહી લઈ ઉપલબ્ધ પાના નંગ–૦૬ ની નકલ તા.૧૫/૦૬/૨૦૨૧ ના રોજ રૂબરૂમાં હાથોહાથ આપવામાં આવેલ.

**અરજદારની રજુઆત મુજબ જવાબદાર અધિકારીશ્રીઓને જે તે સમયે સસ્પેન્ડ કરવામાં આવેલ અને હમારી જાણકારી મુજબ તેઓ ફરી આપશ્રીની કચેરીમાં જે તે હોદ્દો ઉપર નોકરી રાખેલ હોય ઉપરોકત લોકોને કયા કારણસર ફરીથી નોકરી રાખેલ હોય...**

(A) " તે બાબતે નામદાર ગોવા હાઈકોર્ટની પીટીશન નં.૪૧૯/૨૦૦૭ (ડો. સેલ્સા પીકટો વિરુધ્ધ ગોવા સ્ટેટ ઈન્ફોર્મેશન કમિશનર) ના કામે તા.૦૩/૦૪/૨૦૦૮ ના રોજ ગોવા ખાતે થયેલ નિર્ણય મુજબ માહિતીની વ્યાખ્યામાં ફલકમાં " શા માટે " પ્રશ્નના જવાબનો સમાવેશ થતો નથી. જે જવાબો કોઈ બાબતની ઉચિતતા અંગેના કારણ પુછવા બરાબરની બાબત થશે. ઉચિતતા સંદર્ભે અમુક બાબતો શા માટે (કયા કારણસર) કરવામાં આવી છે કે ન કરવામાં આવી છે તે જણાવવું જાહેર માહિતી અધિકારી પાસે અપેક્ષા રાખી શકાય નહિ, નાગરિક માહિતી માંગે છે, ઉચિતપણું ન્યાય નિર્ણય કરનાર સત્તાધિકારીઓની સત્તામાં આવે છે અને તેને માહિતી તરીકે યોગ્ય રીતે વર્ગીકૃત કરી શકાય નહિ." જેથી પ્રથમ અપીલમાં ઉલ્લેખ કરેલ માહિતી આપવાપાત્ર જણાતી નથી.

(B) વધુમાં, માંગેલ માહિતીનો અરજદારને માહિતીનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ ના કલમ નં. ૮ (૧) (ઝ) " ગુનેગારોની તપાસ અથવા ધરપકડ અથવા તેમની સામેની ફોજદારી કામની પ્રક્રિયામાં અવરોધ ઉભો કરે તેવી કોઈ માહિતી આપવાની જવાબદારી રહેશે નહિ. " મુજબ માંગેલ માહિતી મુજબના કર્મચારીઓ સામે હાલ

- એ. સી. બી. ની કાર્યવાહી ચાલુ હોય
- પોલીસ કેસની કાર્યવાહી ચાલુ હોય
- ખાતાકીય તપાસ ચાલુ હોય

ઉકત (A) અને (B) ની વિગતો અનુસાર તપાસની પ્રક્રિયામાં અવરોધ ઉભો થવાની સંભાવના રહેલી હોવાથી માંગેલ માહિતી સંયુકત પ્રકારની હોય, હાલના તબકકે વહીવટી ગુપ્તતા જાળવવાના હેતુસર માહિતી આપવી વહીવટી દષ્ટિએ યોગ્ય જણાતું નથી.

**–: હુકમ :–**

જાહેર માહિતી અધિકારીએ રજુ કરેલ અહેવાલને ધ્યાને લેતા અરજદારની અરજીના મધ્યસ્થ મહેકમ (ઈન્કવાયરી) વિભાગને લાગત જણાતા મુદ્દાઓ પરત્વે માહિતીનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ ના કલમ નં. ૮ (૧) (ઝ) " ગુનેગારોની તપાસ અથવા ધરપકડ અથવા તેમની સામેની ફોજદારી કામની પ્રક્રિયામાં અવરોધ ઉભો કરે તેવી કોઈ માહિતી આપવાની જવાબદારી રહેશે નહિ." મુજબ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર આ હુકમથી નારાજ હોય તો માહિતી મેળવવાના અધિનિયમની કલમ–૧૯(૩) તેમજ ગુજરાત માહિતીનો અધિકાર નિયમો–૨૦૧૦ ની કલમ–૬(૨) મુજબ આ હુકમ મળ્યાની તારીખથી દિન–૯૦ માં રાજય માહિતી કમિશ્નર, ગુજરાત માહિતી આયોગ, "કર્મયોગી ભવન" બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦ એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ગુજરાતને બીજી અપીલ કરવા હકકદાર છે.

(એમ. ડી. સોલંકી)
ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર અને
પ્રથમ અપીલ અધિકારી
સુરત મહાનગરપાલિકા, સુરત.

નં.જીએડી/ઈએસટી/આઈ/૨૯૨
તા.૨૦/૦૭/૨૦૨૧

*એમ.ડી.સોલંકી*
*ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર*
*અને અપીલ અધિકારી (RTI)*

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલીસરા, સુરત–૦૩
ફોનઃ ૨૪૨૩૭૫૧–૫૬ (એક્ષ.૩૪૧)
મો.નં. : ૯૭૨૪૩–૪૫૫૩૩

**પ્રથમ અપીલ**

**અરજી નં.SMC/INQ/FAP/NO.03, ૨૦૨૧–૨૨**

**અરજદાર : શ્રી પંકજભાઈ કાંતિભાઈ બવાડિયા**
**સામાવાળા : સેકશન ઓફીસર(ઈન્કવાયરી) અને જાહેર માહિતી અધિકારી.**

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** આઈ.ડી.નં.૬૭ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, વિજીલન્સ એન્ડ ઈન્સ્પે. ડિપાર્ટમેન્ટના પત્ર ક્રમાંક : વીઆઈડી/૧૧૧૧, તા.૦૮/૦૭/૨૦૨૧ (કોમ્પ્યુટર આઈ.ડી. નં. ૩૦૦/૪૬૯૭૩) જે અત્રેના ખાતાને **સમયમર્યાદા બાદ તા.૦૮/૦૭/૨૦૨૧ નાં રોજ મળેલ છે.** જે અરજી અંગે ૩૦ દિવસની અંદર કોઈ નિર્ણય મળેલ નથી/અરજીનો અપુર્ણ/અસંગત જવાબ મળેલ હોવાનું જણાવી તા.૨૨/૦૭/૨૦૨૧ થી પ્રથમ અપીલ કરેલ છે. જે અત્રેના ખાતાને તા.૦૩/૦૮/૨૦૨૧ ના રોજ મળેલ અપીલ અરજી બાબત.

**અપીલના મુદ્દા :–**

અરજદારે અપીલમાં આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળની અરજી આઈ.ડી.નં.૬૭ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, વિજીલન્સ એન્ડ ઈન્સ્પે. ડિપાર્ટમેન્ટના પત્ર ક્રમાંક : વીઆઈડી/૧૧૧૧, તા.૦૮/૦૭/૨૦૨૧ (કોમ્પ્યુટર આઈ.ડી. નં. ૩૦૦/૪૬૯૭૩) જે અત્રેના ખાતાને **સમયમર્યાદા બાદ તા.૦૮/૦૭/૨૦૨૧ નાં રોજ મળેલ છે.** જે અરજી અંગે ૩૦ દિવસની અંદર કોઈ નિર્ણય મળેલ નથી/અરજીનો અપુર્ણ/અસંગત જવાબ મળેલ હોવાનું જણાવી તા.૨૨/૦૭/૨૦૨૧ થી પ્રથમ અપીલ કરેલ છે. જે અત્રેના ખાતાને તા.૦૩/૦૮/૨૦૨૧ ના રોજ મળેલ, જે અત્રેના અપીલ રજીસ્ટરે નં.INQ/FAP/NO.03/૨૦૨૧–૨૨ થી નોંધ કરેલ છે. જે અપીલ અન્વયે હાલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) એ નીચે મુજબની પૂર્તતા કરેલ છે.

**જાહેર માહિતી અધિકારી તરફથી પૂર્તતાઃ–**

જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, વિજીલન્સ એન્ડ ઈન્સ્પે. ડિપાર્ટમેન્ટના પત્ર ક્રમાંક : વીઆઈડી/૧૧૧૧, તા.૦૮/૦૭/૨૦૨૧ (કોમ્પ્યુટર આઈ.ડી. નં. ૩૦૦/૪૬૯૭૩) જે અત્રેના ખાતાને **સમયમર્યાદા બાદ તા.૦૮/૦૭/૨૦૨૧ નાં રોજ મળેલ છે.** જે અન્વયે અત્રેના ઈન્કવાયરી ખાતાના ઉપલબ્ધ રેકર્ડ મુજબ અત્રેના પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૨૭૪, તા.૧૨/૦૭/૨૦૨૧ થી નીચે મુજબની પૂર્તતા કરેલ છે.

| અરજીના મુદ્દા નં. | માંગેલી માહિતી | પૂર્તતા |
|---|---|---|
| ૩ ની **આંશિક પુર્તતા** | સુરત મહાનગરપાલિકા અંતર્ગત કાર્યરત તમામ ફાયર સ્ટેશનના તમામ ઓફીસરની વર્ષ જાન્યુ.–૨૦૧૧ થી વર્ષ માર્ચ–૨૦૨૧ સુધીમાં નિમણૂંક, બદલી થયાની હુકમની નકલ તથા આ અધિકારીઓ ઉપર કોઈપણ જાતના શિષ્ટભંગના પગલાં લેવામાં આવેલ હોય તેમજ **ખાતાકીય** વિજીલન્સ **તપાસ કરવામાં આવેલ હોય** તેની તમામ પ્રકારની માહિતી RTI Act-2005 હેઠળ આપશો. | **માંગેલ માહિતી માટે ખાતાકીય તપાસ પુરતો અંશતઃ જવાબ :–** નામદાર સુપ્રિમ કોર્ટની એપેલેટ બેન્ચ સમક્ષની સ્પે.લીવ પીટીશન (સીવીલ) નં.૨૭૭૩૪/ ૨૦૧૨ (ગીરીશ રામચંદ્ર દેશપાંડે વિ.સેન્ટ્રલ ઈન્ફોર્મેશન કમિશ્નર અને બીજા) ના કામે તા.૩/૧૦/૨૦૧૨ ના રોજ આપેલ રીપોર્ટેબલ જડ્જમેન્ટમાં પ્રતિપાદિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા તેમજ તે જ સિધ્ધાંત મુજબ નામદાર ગુજરાત આયોગના રાજય મુખ્ય માહિતી કમિશ્નરશ્રી બલવંતસિંઘ સાહેબે તેમની સમક્ષની બીજી અપીલ નં.અ–૩૭૧૫–૨૦૧૬ ના કામે આપેલ ચુકાદા મુજબ સરકારી અધિકારી વિરૂધ્ધની તપાસ/ફરિયાદ અંગેની માહિતી "અંગત" માહિતી ગણાતી હોય તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના સિવિલ અપીલ નં.૨૨/૨૦૦૯ કેનેરા બેંક વર્સીસ સી.એસ.શ્યામ એન્ડ અધર તા.૩૧/૦૮/૨૦૧૭ ના ચુકાદામાં તમોએ માંગેલ માહિતી જાહે,ર કરવાની બાબત વિશાળ જાહેર હિતમાં સંબંધ ધરાવતી હોવાનું જણાતુ ન હોય, માહિતી મેળવવાના અધિનિયમની કલમ–૮ (૧)(ઠ) ની જોગવાઈ મુજબ ત્રાહિત પક્ષકાર/અરજદારને માંગણી મુજબની માહિતી જાહેર કરવા જોગ નથી. જે જાણશો.<br>માંગેલ માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ હોય તો પણ ઉપરના ચુકાદા અનુસાર આપી શકાય નહી. |

અરજદારની નમુના–ક ની અરજીની વિગતોમાં મુદ્દા નં. ૩ ની આંશિક મુદ્દાની ખાતાકીય તપાસની માહિતીની માંગણી કરેલ. પરંતુ ઉપર અરજદારને કરવામાં આવેલ પૂર્તતામાં જણાવ્યા મુજબ "નામદાર સુપ્રિમ કોર્ટની એપેલેટ બેન્ચ સમક્ષની સ્પે.લીવ પીટીશન (સીવીલ) નં.૨૭૭૩૪/ ૨૦૧૨ (ગીરીશ રામચંદ્ર દેશપાંડે વિ.સેન્ટ્રલ ઈન્ફોર્મેશન કમિશનર અને બીજા) ના કામે તા.૩/૧૦/૨૦૧૨ ના રોજ આપેલ રીપોર્ટેબલ જડ્જમેન્ટમાં પ્રતિપાદિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા તેમજ તે જ સિધ્ધાંત મુજબ નામદાર ગુજરાત આયોગના રાજય મુખ્ય માહિતી કમિશનરશ્રી બલવંતસિંઘ સાહેબે તેમની સમક્ષની બીજી અપીલ નં.અ–૩૭૧૫–૨૦૧૬ ના કામે આપેલ ચુકાદા મુજબ સરકારી અધિકારી વિરૂધ્ધની તપાસ/ફરિયાદ અંગેની માહિતી **"અંગત" માહિતી ગણાતી હોય** તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના સિવિલ અપીલ નં.૨૨/૨૦૦૯ કેનેરા બેંક વર્સીસ સી.એસ.શ્યામ એન્ડ અધર તા.૩૧/૦૮/૨૦૧૭ ના ચુકાદામાં તમોએ માંગેલ માહિતી જાહેર કરવાની બાબત વિશાળ **જાહેર હિતમાં જાહેર થઈ શકે નહિ,** માહિતી મેળવવાના અધિનિયમની કલમ–૮ (૧)(ઠ) ની જોગવાઈ મુજબ ત્રાહિત પક્ષકાર/અરજદારને માંગણી મુજબની માહિતી જાહેર કરવા જોગ નથી. જે જાણશો. માંગેલ માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ હોય તો પણ ઉપરના ચુકાદા અનુસાર આપી શકાય નહી." મુજબનો અરજદારનેપત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૨૭૪, તા.૧૨/૦૭/૨૦૨૧ થી જાહેર માહિતી અધિકારી ધ્વારા જવાબ (પુર્તતા) પાઠવવામાં આવેલ.

**<u>સુનાવણીની વિગતો :–</u>**

જાહેર માહિતી અધિકારીનો પૂર્તતા અહેવાલ, જોતાં પ્રથમ દર્શનીય રીતે જ સુનાવણી કરવાનું કોઈ કારણ જણાયેલ નથી. જેથી આ કિસ્સામાં સુનાવણી કરવામાં આવેલ નથી.

**<u>અપીલ અધિકારીનું તારણ :–</u>**

અરજદારની નમુના–ક ની અરજીની વિગતોમાં મુદ્દા નં. ૩ ની આંશિક મુદ્દાની ખાતાકીય તપાસની માહિતીની માંગણી કરેલ.

નામદાર સુપ્રિમ કોર્ટ તથા આયોગનાં ચુકાદાને આધિન જાહેર માહિતી અધિકારીએ આપેલ જવાબ યોગ્ય જણાતો હોય અપીલ નામંજુર કરવાના કારણો નીચે મુજબ છે.

(૧) આ કામના જાહેર માહિતી અધિકારી ધ્વારા યોગ્ય પ્રત્યુત્તર પાઠવેલ છે.

(૨) જાહેર માહિતી અધિકારીએ નામદાર ગુજરાત માહિતી આયોગનો હુકમ જેમાં ખાતાકીય તપાસની માહિતી "અંગત" માહિતી ગણાતી હોવાથી આપી શકાય નહિ તે જવાબ યોગ્ય જણાય છે.

આમ, ઉપરોકત ચર્ચેલ વિગતે અરજદારની નમુના–ક ની અરજીમાં માંગ્યા મુજબ ઉપર જણાવેલ વિગતે જાહેર માહિતી અધિકારી તરફથી યોગ્ય તથા સમયસર લાગત મુદ્દાના પુરાવા સહિત જવાબ પાઠવવામાં આવેલો હોવાનું જણાતું હોય, અરજદારને હાલની આ અપીલ કરવાનું કોઈ કારણ ઉપસ્થિત થયેલું જણાતું નથી. તેથી હાલ અરજદાર અપીલમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર નથી. સબબ, નીચે મુજબ હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

અરજદારની અરજીના મધ્યસ્થ મહેકમ (ઈન્કવાયરી) વિભાગને લાગત જણાતા મુદ્દાઓ પરત્વે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ધ્વારા પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા યોગ્ય જણાતી હોય **અપીલ અરજી દફતરે કરી અરજીનો નિકાલ કરવામાં આવે છે.**

અરજદાર આ હુકમથી નારાજ હોય તો માહિતી મેળવવાના અધિનિયમની કલમ–૧૯(૩) તેમજ ગુજરાત માહિતીનો અધિકાર નિયમો–૨૦૧૦ ની કલમ–૬(૨) મુજબ આ હુકમ મળ્યાની તારીખથી દિન–૯૦ માં રાજય માહિતી કમિશ્નર, ગુજરાત માહિતી આયોગ, "કર્મયોગી ભવન" બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦ એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ગુજરાતને બીજી અપીલ કરવા હકકદાર છે.

(એમ. ડી. સોલંકી)
ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર અને
**પ્રથમ અપીલ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા, સુરત.**

નં.જીએડી/ઈએસટી/આઈ/૩૬૯
તા.૧૮/૦૮/૨૦૨૧

**એમ. એસ. પટેલ**
*ઈ.ચા.ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી*
*ઓફીસર અને અપીલ અધિકારી (RTI)*

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલીસરા, સુરત–૦૩
ફોનઃ ૨૪૨૩૭૫૧–૫૬ (એક્ષ.૩૪૧)
મો.નં. : ૯૭૨૪૩–૪૫૫૩૩

RIGHT TO INFORMATION

## પ્રથમ અપીલ

**અરજી નં.SMC/INQ/FAP/NO.04,**
**૨૦૨૧–૨૨**

**અરજદાર : શ્રી ગોપાલ કનૈયાલાલ લાભા**
**સામાવાળા : સેકશન ઓફીસર(ઈન્કવાયરી) અને જાહેર માહિતી અધિકારી.**

***<u>ફરીયાદની હકીકત :–</u>***

**વિષયઃ–** આઈ.ડી.નં.૧૬૧૭ એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારી, નાગરિક સુવિધા કેન્દ્રના પત્ર નં.સીસીસી.સીઝેડ/આર.ટી.આઈ./આઉટ/૧૬૧૭, તા.૧૪/૦૯/૨૦૨૧ (કોમ્પ્યુટર આઈ.ડી. નં. ૩૦૦/૪૮૫૦૮) જે અત્રેના ખાતાને તા.૧૪/૦૯/૨૦૨૧ નાં રોજ મળેલ છે. જે અરજી અંગે જાહેર માહિતી અધિકારી ધ્વારા સચોટ માહિતી પુરી પાડેલ નથી અને ખોટી રીતે સમય પસાર કરવા અરજીના મુદ્દા નં. ૭ તથા ૮ ની માગેલી માહિતી ખોટી રીતે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી (ઈલે.) લાઈટ એન્ડ ઈ.ઈ.સી.ને ટ્રાન્સફર કરેલ હોવાનું જણાવી તા.૦૧/૧૧/૨૦૨૧ થી હાથોહાથ અત્રેના ખાતાને પ્રથમ અપીલ કરેલ છે.

***<u>અપીલના મુદ્દા :–</u>***

અરજદારે અપીલમાં આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળની અરજી આઈ.ડી.નં.૧૬૧૭ એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારી, નાગરિક સુવિધા કેન્દ્રના પત્ર નં.સીસીસી.સીઝેડ/આર.ટી.આઈ./આઉટ/૧૬૧૭, તા.૧૪/૦૯/૨૦૨૧ (કોમ્પ્યુટર આઈ.ડી. નં. ૩૦૦/૪૮૫૦૮) જે અત્રેના ખાતાને તા.૧૪/૦૯/૨૦૨૧ નાં રોજ મળેલ છે. જે અરજી અંગે જાહેર માહિતી અધિકારી ધ્વારા સચોટ માહિતી પુરી પાડેલ નથી અને ખોટી રીતે સમય પસાર કરવા અરજીના મુદ્દા નં. ૭ તથા ૮ ની માગેલી માહિતી ખોટી રીતે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી (ઈલે.) લાઈટ એન્ડ ઈ.ઈ.સી.ને ટ્રાન્સફર કરેલ હોવાનું જણાવી તા.૦૧/૧૧/૨૦૨૧ થી હાથોહાથ અત્રેના ખાતાને પ્રથમ અપીલ કરેલ, જે અત્રેના અપીલ રજીસ્ટરે નં.INQ/FAP/NO.04/૨૦૨૧–૨૨ થી નોંધ કરેલ છે. જે અપીલ અન્વયે હાલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) એ નીચે મુજબની પૂર્તતા કરેલ છે.

**<u>જાહેર માહિતી અધિકારી તરફથી પૂર્તતાઃ</u>–**

એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારી, નાગરિક સુવિધા કેન્દ્રના પત્ર નં.સીસીસી.સીઝેડ/આર.ટી.આઈ./આઉટ/૧૬૧૭, તા.૧૪/૦૯/૨૦૨૧ (કોમ્પ્યુટર આઈ.ડી. નં. ૩૦૦/૪૮૫૦૮) જે અત્રેના ખાતાને તા.૧૪/૦૯/૨૦૨૧ નાં રોજ મળેલ છે. જે અન્વયે અત્રેના ઈન્કવાયરી ખાતાના ઉપલબ્ધ રેકર્ડ મુજબ અત્રેના પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૫૩૬, તા.૦૮/૧૦/૨૦૨૧ થી નીચે મુજબની પૂર્તતા કરેલ છે.

| અરજીના મુદ્દા નં. | માંગેલી માહિતી | પૂર્તતા |
|---|---|---|
| ૧. | સુ.મ.પા.ના ડિપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફિસરને કોઈપણ ઈન્કવાયરી સોંપાયા બાદ તેની તપાસ કેટલા સમયમાં પૂરી કરવાની રિપોર્ટ આપવાની કોઈ સમય મર્યાદા નીતિનિયમો હોય તેની સંપૂર્ણ નકલો, દસ્તાવેજો સહિત માહિતી આપવી. | સુરત મહાનગરપાલિકાના આ માટેના સ્વતંત્ર કોઈ નિયમો અસ્તિત્વ ધરાવતા ન હોવાથી માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. |
| ૨. | ઈન્કવાયરી વિભાગમાં કેટલા વર્ષોથી ઈન્કવાયરી ઓફિસરશ્રી એમ. ડી. સોલંકીના કાર્યક્ષેત્રમાં કેટલી બાબતો અને કામોની વિવિધ વિભાગના અધિકારીશ્રી/કર્મચારીઓની તપાસ ઈન્કવાયરી સોંપવામાં આવી અને તે પૈકી કેટલી ઈન્કવાયરીઓ પૂર્ણ થઈ અને કેટલી ઈન્કવાયરીની તપાસો કેટલા સમયથી પેન્ડીંગ છે કેટલી ઈન્કવાયરી શરૂ કરવામાં આવી નથી તેવી તમામ ઈન્કવાયરીની તપાસના કામોની તારીખ, સમયમર્યાદા સાથે વિગતો આપવી. | નામદાર સુપ્રિમ કોર્ટની એપેલેટ બેન્ચ સમક્ષની સ્પે.લીવ પીટીશન (સીવીલ) નં.૨૭૭૩૪/૨૦૧૨ (ગીરીશ રામચંદ્ર દેશપાંડે વિ.સેન્ટ્રલ ઈન્ફોર્મેશન કમિશ્નર અને બીજા) ના કામે તા.૩/૧૦/૨૦૧૨ ના રોજ આપેલ રીપોર્ટેબલ જડ્જમેન્ટમાં પ્રતિપાદિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા તેમજ તે જ સિધ્ધાંત મુજબ નામદાર ગુજરાત આયોગના રાજય મુખ્ય માહિતી કમિશ્નરશ્રી બલવંતસિંઘ સાહેબે તેમની સમક્ષની બીજી અપીલ નં.અ–૩૭૧૫–૨૦૧૬ ના કામે આપેલ ચુકાદા મુજબ સરકારી અધિકારી વિરૂધ્ધની તપાસ/ફરિયાદ અંગેની માહિતી "અંગત" માહિતી ગણાતી હોય તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના સિવિલ અપીલ નં.૨૨/૨૦૦૯ કેનેરા બેંક વર્સીસ સી.એસ.શ્યામ એન્ડ અધર તા.૩૧/૦૮/૨૦૧૭ ના ચુકાદામાં તમોએ માંગેલ માહિતી જાહેર કરવાની બાબત વિશાળ જાહેર હિતમાં સંબંધ ધરાવતી હોવાનું જણાતુ ન હોય, માહિતી મેળવવાના અધિનિયમની કલમ–૮ (૧)(ઠ) ની જોગવાઈ મુજબ ત્રાહિત પક્ષકાર/અરજદારને માંગણી મુજબની માહિતી જાહેર કરવા જોગ નથી. જે જાણશો.<br>માંગેલ માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ હોય તો પણ ઉપરના ચુકાદા અનુસાર આપી શકાય નહી. |

| | | |
|---|---|---|
| ૩. | જે કોઈ પણ ઈન્કવાયરીઓ કર્યા વિના દફતરે કરી દેવામાં આવી હોય કયાં તો ઈન્કવાયરી કરાવ્યા બાદ દફતરે કરી દેવામાં આવી હોય તેવા કામોની સંબંધિત/રિપોર્ટિંગ સાથે નકલો/યાદી સહિતની માહિતી વિગતો આપવી. | નામદાર સુપ્રિમ કોર્ટની એપેલેટ બેન્ચ સમક્ષની સ્પે.લીવ પીટીશન (સીવીલ) નં.૨૭૭૩૪/ ૨૦૧૨ (ગીરીશ રામચંદ્ર દેશપાંડે વિ.સેન્ટ્રલ ઈન્ફોર્મેશન કમિશ્નર અને બીજા) ના કામે તા.૩/૧૦/૨૦૧૨ ના રોજ આપેલ રીપોર્ટેબલ જડ્જમેન્ટમાં પ્રતિપાદિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા તેમજ તે જ સિધ્ધાંત મુજબ નામદાર ગુજરાત આયોગના રાજય મુખ્ય માહિતી કમિશ્નરશ્રી બલવંતસિંઘ સાહેબે તેમની સમક્ષની બીજી અપીલ નં.અ–૩૭૧૫–૨૦૧૬ ના કામે આપેલ ચુકાદા મુજબ સરકારી અધિકારી વિરૂધ્ધની તપાસ/ફરિયાદ અંગેની માહિતી "અંગત" માહિતી ગણાતી હોય તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના સિવિલ અપીલ નં.૨૨/૨૦૦૯ કેનેરા બેંક વર્સીસ સી.એસ.શ્યામ એન્ડ અધર તા.૩૧/૦૮/૨૦૧૭ ના ચુકાદામાં તમોએ માંગેલ માહિતી જાહેર કરવાની બાબત વિશાળ જાહેર હિતમાં સંબંધ ધરાવતી હોવાનું જણાતુ ન હોય, માહિતી મેળવવાના અધિનિયમની કલમ–૮ (૧)(ઠ) ની જોગવાઈ મુજબ ત્રાહિત પક્ષકાર/અરજદારને માંગણી મુજબની માહિતી જાહેર કરવા જોગ નથી. જે જાણશો.<br>માંગેલ માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ હોય તો પણ ઉપરના ચુકાદા અનુસાર આપી શકાય નહી. |
| ૪. | એ.સી.બી. પો.સ્ટે.ફ.ગુ.રા.નં.૫/૨૦૧૮, ૬/૨૦૧૮, ૭/૨૦૧૮ થી એ.સી.બી. પો. સ્ટે. જે તે સમયના સુ.મ.પા.ના ઈજનેરો સામે એફ.આઈ.આર. દાખલ થયેલ હોય તેઓની સામે ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ખાતાકીય તપાસ કઈ તારીખે શરૂ કરવામાં આવી આ તપાસ કયારે પુર્ણ કરવામાં આવી અને આ તપાસ કેટલા સમયમાં પુરી કરવાની થતી હોય તેની કોઈ સમયમર્યાદા તેવા નીતિનિયમ હોય તેની સંપુર્ણ માહિતી વિગતો આપવી. | તમોએ માંગેલ માહિતી ગુનેગારોની તપાસ અથવા ધરપકડ અથવા તેમની સામેની ફોજદારી કામની પ્રક્રિયામાં અવરોધ ઉભો કરે એ પ્રકારની હોય, અધિનિયમની કલમ–૮ (૧)(ઝ) ની જોગવાઈ મુજબ આપી શકાય નહિ. જે જાણશો. |
| ૫. | સ્થાયી સમિતિ ઠરાવ નં.૧૦૨૨/૨૦૧૬, તા.૦૨/૦૬/૨૦૧૬ થી સુ.મ.પા.ના વિવિધ ઝોનમાં સોસાયટીઓ તેમજ જાહેર રસ્તાઓ ઉપર સ્ટ્રીટલાઈટના ઓકટાગોનલ પોલો તેમજ LED ઈકિવપમેન્ટ લગાડવાના કામોની પ્રક્રિયામાં કોઈ ગેરરીતી, બેદરકારી, હાનિ કે ગેરશિસ્ત થઈ હોય તેમજ આ જ પ્રકારના કામો બી.આર.ટી.એસ. વિભાગના ફકત સ્ટ્રીટલાઈટોના કામમાં થયેલ ગેરરીતી કામે તપાસ કરવામાં આવેલ તે વચગાળાના તથા ફાઈનલ તપાસ રિપોર્ટ તેમજ બી.આર.ટી.એસ. વિભાગના મુદ્દા નં. ૧ થી ૧૧ અંગે જરૂરી તપાસ સુ.મ.પા.ના ઈન્કવાયરી વિભાગ ધ્વારા સ્ટ્રીટલાઈટ અને બી.આર.ટી.એસ. વિભાગના જે કોઈ અધિકારી/કર્મચારી/ઈજનેરો સામે તપાસ ઈન્કવાયરી કરવામાં આવી હોય તેવા તમામ નામોની વિગતો સહિત માહિતી આપવી. | |
| ૬. | મુદ્દા નં. ૪ માં જણાવેલ વિગતોમાં જે કોઈ અધિકારી, કર્મચારી, ઈજનેરોની ઈન્કવાયરી તપાસ પુર્ણ થઈ હોય તેઓના નામ સહિત વિગતો આપવી તથા હજુ જે કોઈ અધિકારી, કર્મચારી, ઈજનેરોની ઈન્કવાયરી ચાલુ હોય/ચાલુ કરેલ ન હોય તેઓની પણ નામ સહિત વિગતો આપવી. | |

અરજદારની નમુના–ક ની અરજીની વિગતોમાં મુદ્દા નં. ૧ માં "સુ.મ.પા.ના ડિપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફિસરને કોઈપણ ઈન્કવાયરી સોંપાયા બાદ તેની તપાસ કેટલા સમયમાં પૂરી કરવાની રિપોર્ટ આપવાની કોઈ સમય મર્યાદા નીતિનિયમો હોય તેની સંપૂર્ણ નકલો, દસ્તાવેજો સહિત માહિતી" માંગેલ. જે અંગે "સુરત મહાનગરપાલિકાના આ માટેના સ્વતંત્ર કોઈ નિયમો અસ્તિત્વ ધરાવતા ન હોવાથી માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી" મુજબની પૂર્તતા કરવામાં આવેલ.

મુદ્દા નં. ૨ અને ૩ અન્વયે "નામદાર સુપ્રિમ કોર્ટની એપેલેટ બેન્ચ સમક્ષની સ્પે.લીવ પીટીશન (સીવીલ) નં.૨૭૭૩૪/ ૨૦૧૨ (ગીરીશ રામચંદ્ર દેશપાંડે વિ.સેન્ટ્રલ ઈન્ફોર્મેશન કમિશ્નર અને બીજા) ના કામે તા.૩/૧૦/૨૦૧૨ ના રોજ આપેલ રીપોર્ટેબલ જડ્જમેન્ટમાં પ્રતિપાદિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા તેમજ તે જ સિધ્ધાંત મુજબ નામદાર ગુજરાત આયોગના રાજય મુખ્ય માહિતી કમિશ્નરશ્રી બલવંતસિંઘ સાહેબે તેમની સમક્ષની બીજી અપીલ નં.અ–૩૭૧૫–૨૦૧૬ ના કામે આપેલ ચુકાદા મુજબ સરકારી અધિકારી વિરૂધ્ધની તપાસ/ફરિયાદ અંગેની માહિતી **"અંગત" માહિતી ગણાતી હોય** તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના સિવિલ અપીલ નં.૨૨/૨૦૦૯ કેનેરા બેંક વર્સીસ સી.એસ.શ્યામ એન્ડ અધર તા.૩૧/૦૮/૨૦૧૭ ના ચુકાદામાં તમોએ માંગેલ માહિતી જાહેર કરવાની બાબત વિશાળ જાહેર હિતમાં જાહેર થઈ શકે નહિ, માહિતી મેળવવાના અધિનિયમની કલમ–૮ (૧)(ઠ) ની જોગવાઈ મુજબ ત્રાહિત પક્ષકાર/અરજદારને માંગણી મુજબની માહિતી જાહેર કરવા જોગ નથી. જે જાણશો. માંગેલ માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ હોય તો પણ ઉપરના ચુકાદા અનુસાર આપી શકાય નહી." મુજબની પુર્તતા કરવામાં આવેલ અને મુદ્દા નં. ૪, ૫ અને ૬ અન્વયે " માંગેલ માહિતી ગુનેગારોની તપાસ અથવા ધરપકડ અથવા તેમની સામેની ફોજદારી કામની પ્રક્રિયામાં અવરોધ ઉભો કરે એ પ્રકારની હોય, અધિનિયમની કલમ–૮ (૧)(ઝ) ની જોગવાઈ મુજબ આપી શકાય નહિ" મુજબ પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૫૩૬, તા.૦૮/૧૦/૨૦૨૧ થી જાહેર માહિતી અધિકારી ધ્વારા જવાબ (પુર્તતા) પાઠવવામાં આવેલ.

**<u>અપીલ અધિકારીનું તારણ :–</u>**

નામદાર સુપ્રિમ કોર્ટ તથા આયોગનાં ચુકાદાને આધિન જાહેર માહિતી અધિકારીએ આપેલ જવાબમાં આંશિક સુધારો જણાતો હોય અપીલ આંશિક મંજુર કરવાના કારણો નીચે મુજબ છે.

(૧) આ કામના જાહેર માહિતી અધિકારી ધ્વારા સમય મર્યાદામાં પ્રત્યુત્તર પાઠવેલ છે.

(૨) જાહેર માહિતી અધિકારીએ આપેલ મુદ્દા નં. ૧માં સુરત મહાનગરપાલિકામાં અંગેના કોઈ સ્વતંત્ર નિયમો અસ્તિતવ ધરાવતા ન હોય, પરંતુ ગુજરાત સરકારશ્રીના નિતી–નિયમો/માર્ગદશિકા પ્રમાણે પુરી કરવાની હોય છે.

(૩) જાહેર માહિતી અધિકારીએ આપેલ મુદ્દા નં. ૨માં માંગેલ માહિતીની વિગતો આરટીઆઈની કલમ–૮ (૧)(ઠ) હેઠળ આપી શકાય નહી.પરંતુ માંગેલ માહિતીની સંખ્યા (આંકડાકીય) આપવા જોગ છે.

(૪) મુદ્દા નં. ૪, ૫ અને ૬ ની માંગેલ માહિતી તેમની સામેની ફોજદારી કામની પ્રક્રિયામાં અવરોધ ઉભો કરે એ પ્રકારની હોય, અધિનિયમ કલમ–૮ (૧) (ઝ) ની જોગવાઈ મુજબ આપી શકાય નહિ, તે જવાબ યોગ્ય જણાય છે.

આમ, ઉપરોકત ચર્ચેલ વિગતે અરજદારની નમુના–ક ની અરજીમાં માંગ્યા મુજબ ઉપર જણાવેલ વિગતે જાહેર માહિતી અધિકારીનુ પુરી પાડવા તરફથી સબબ, નીચે મુજબ હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

અરજદારની અરજીના મધ્યસ્થ મહેકમ (ઈન્કવાયરી) વિભાગને લાગત જણાતા મુદ્દાઓ પરત્વે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી)ને........

(૧) મુદ્દા નં.૧ ગુજરાત સરકારી/પંચાયત–કચેરી કર્મચારીઓના ખાતાકીય તપાસના નિયમોની માર્ગદશિકામાં તપાસ ઈન્કવાયરી ની કેટલા સમયમાં પુરી કરવાની, નીતિ નિયમોની નકલ વિના મુલ્યે દિન–૭માં પુરી પાડવા જણાવવામાં આવે છે.

(૨) મુદ્દા નં.૨ માં ઈન્કવાયરી ખાતામાં ઈન્કવાયરી ઓફીસર તરીકે ફરજ બજાવી ગયેલ અને વય નિવૃત શ્રી એમ.ડી.સોલંકી ને ઉપલબ્ધ રેકર્ડને આધારે કેટલી ખાતાકીય તપાસ કરી, પુરી કરી અને તે પૈકી કેટલી પેન્ડીંગ છે, તેની સંખ્યા (આંકડાકીય માહિતી) અરજદારને દિન–૭માં પુરી પાડવા જણાવવામાં આવે છે અને અપીલ અરજી દફતરે કરી અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર આ હુકમથી નારાજ હોય તો માહિતી મેળવવાના અધિનિયમની કલમ–૧૯(૩) તેમજ ગુજરાત માહિતીનો અધિકાર નિયમો–૨૦૧૦ ની કલમ–૬(૨) મુજબ આ હુકમ મળ્યાની તારીખથી દિન–૯૦ માં રાજય માહિતી કમિશનર, ગુજરાત માહિતી આયોગ, "કર્મયોગી ભવન" બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦ એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ગુજરાતને કરી શકશો.

વિકલ્પે

આયોગની વેબસાઈટ http://gic.gujarat.gov.in/default.aspx ઉપર Online બીજી અપીલ કરવા તમો હકકદાર છે.

(એમ. એસ. પટેલ )
ઈ.ચા.ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર અને
પ્રથમ અપીલ અધિકારી
સુરત મહાનગરપાલિકા, સુરત.

નં.જીએડી/ઈએસટી/આઈ/૬૫૫
તા.૨૬/૧૧/૨૦૨૧

*એમ. એસ. પટેલ*
*ઈ.ચા.ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી*
*ઓફીસર અને અપીલ અધિકારી (RTI)*

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલીસરા, સુરત–૦૩
ફોન: ૨૪૨૩૭૫૧–૫૬ (એક્ષ.૩૪૧)
મો.નં. : ૯૭૨૪૩–૪૫૫૩૩

RIGHT TO INFORMATION

નં.જીએડી/ઈએસટી/આઈ/
તા.    /૧૧/૨૦૨૧

**નમુનો – ઘ**
(જુઓ નિયમ–૪(૨))
બીજા જાહેર સત્તામંડળને લગતી અપીલ અરજીની તબદીલી

**પ્રતિ,**
અપીલ અધિકારી
અને ઈ.ચા.કાર્યપાલક ઈજનેરશ્રી,
લાઈટ એન્ડ ઈ.ઈ.સી. વિભાગ,
સુરત મહાનગરપાલિકા,
સુરત.

**શ્રીમાન,**

નીચે સહી કરનારને ઉદ્દેશીને કરવામાં આવેલી માહિતી પુરી પાડવા અંગે શ્રી ગોપાલ કનૈયાલાલ લાભાની તા.૦૧/૧૧/૨૦૨૧ ની અપીલ અરજી નં. ૦૪ (મૂળ અરજી આઈ.ડી. નં.૧૬૧૭, તા.૧૩/૦૯/૨૦૨૧) હાથોહાથ અત્રેના ખાતાને તા.૦૧/૧૧/૨૦૨૧ નાં રોજ મળેલ છે. જે જોવા વિનંતી. જે અત્રેના અપીલ રજીસ્ટરે નં.INQ/FAP/NO.04/૨૦૨૦–૨૧ થી નોંધ કરેલ છે.

ઉકત અપીલ અરજીમાં માંગવામાં આવેલ મુદ્દા નં. ૭ અને ૮ ની માહિતી આ સક્ષમ સત્તામંડળના અધિકારક્ષેત્રમાં આવતી નથી અને તે આપના અધિકાર ક્ષેત્રમાં આવે છે. તેથી આ સાથે પ્રથમ અપીલ અરજી આંશિક તબદીલ કરવામાં આવે છે.

**અપીલ અધિકારી અને**
**ઈ.ચા.ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફિસર**
**સુરત મહાનગરપાલિકા**

આપની અપીલ અરજી આ સત્તામંડળના અધિકાર ક્ષેત્રમાં ન આવતી હોવાથી તે જેના અધિકાર ક્ષેત્ર હેઠળ આવે છે તેને આંશિક તબદીલ કરવામાં આવી છે. સંબંધિત સક્ષમ સત્તામંડળનો સંપર્ક સાધવા વિનંતી.

*એમ. એસ. પટેલ*
*ઈ.ચા.ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી*
*ઓફીસર અને અપીલ અધિકારી (RTI)*

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલીસરા, સુરત–૦૩
ફોનઃ ૨૪૨૩૭૫૧–૫૬ (એક્ષ.૩૪૧)
મો.નં. : ૯૭૨૪૩–૪૫૫૩૩

**પ્રથમ અપીલ**

**અરજી નં.SMC/INQ/FAP/NO.05,**
**૨૦૨૧–૨૨**

**અરજદાર : શ્રી તલ્હા ચાંદીવાલા**
**સામાવાળા : સેકશન ઓફીસર(ઈન્કવાયરી) અને જાહેર માહિતી અધિકારી.**

***ફરીયાદની હકીકત :–***

**વિષયઃ**– આઈ.ડી.નં.૧૪૯૦ એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારી, નાગરિક સુવિધા કેન્દ્રના પત્ર નં.સીસીસી.સીઝેડ/આર.ટી.આઈ./આઉટ/૧૪૯૦, તા.૦૬/૦૯/૨૦૨૧ (કોમ્પ્યુટર આઈ.ડી. નં. ૩૦૦/૪૮૩૬૦) થી મળેલ અરજીમાં માગ્યા મુજબની માહિતી મળેલ નથી અધુરી માહિતી મળેલ છે ખોટી માહિતી મળેલ છે અને આજદિન સુધી નિરીક્ષણ આપેલ નથી આજદિન સુધી કોઈ યોગ્ય જવાબ કે માહિતી મળેલ નથી વિગેરે બાબતો જણાવી તા.૩૦/૧૦/૨૦૨૧ થી પ્રથમ અપીલ કરેલ છે. જે જાહેર માહિતી અધિકારી અને એકિઝ.આસી. એન્ડ મેનેજર, નાગરિક સુવિધા કેન્દ્ર (સે.ઝોન) ના પત્ર નં.સી.સી.સી./સી.ઝોન/આઉટ/૫૦૮, તા.૦૧/૧૧/૨૦૨૧ થી અત્રેના ખાતાને તા.૦૨/૧૧/૨૦૨૧ ના રોજ મળેલ અપીલ અરજી બાબત.

***અપીલના મુદ્દા :–***

અરજદારે અપીલમાં આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળની આઈ.ડી.નં.૧૪૯૦ એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારી, નાગરિક સુવિધા કેન્દ્રના પત્ર નં.સીસીસી.સીઝેડ/આર.ટી.આઈ./આઉટ/૧૪૯૦, તા.૦૬/૦૯/૨૦૨૧ (કોમ્પ્યુટર આઈ.ડી. નં. ૩૦૦/૪૮૩૬૦) થી મળેલ અરજી અંગે માગ્યા મુજબની માહિતી મળેલ નથી અધુરી માહિતી મળેલ છે ખોટી માહિતી મળેલ છે અને આજદિન સુધી નિરીક્ષણ આપેલ નથી આજદિન સુધી કોઈ યોગ્ય જવાબ કે માહિતી મળેલ નથી. અરજી સંબંધે માહિતી પુરી ન પાડી અતિ મહત્વની માહિતી છુપાવીને ભ્રષ્ટાચાર કરેલ છે. તેથી બદઈરાદાપૂર્વક માહિતી છૂપાવેલ છે, અમોને માત્ર હેરાન કરવાના કારણોસર માહિતી આપેલ નથી. નિયત સમયમર્યાદામાં કે બાદમાં કોઈ માહિતી પાઠવવામાં ન આવતા વિના મૂલ્યે માહિતી મેળવવા અપીલ કરેલ છે. તેમ જણાવીને દિન–૦૭ માં વિના મૂલ્યે માહિતી આપવા અને RTI કાયદાનું યોગ્ય અને સમયસર પાલન કરવા જાહેર માહિતી અધિકારીને હુકમ કરવા અને તેના કારણોનો ખુલાસો અરજદારને આપવા હુકમ કરવાનું જણાવી તા.૩૦/૧૦/૨૦૨૧ થી પ્રથમ અપીલ કરેલ છે. જે જાહેર માહિતી અધિકારી અને એકિઝ.આસી. એન્ડ મેનેજર, નાગરિક સુવિધા કેન્દ્ર (સે.ઝોન) ના પત્ર નં.સી.સી.સી./ સી.ઝોન/આઉટ/૫૦૮, તા.૦૧/૧૧/૨૦૨૧ થી અત્રેના ખાતાને તા.૦૨/૧૧/૨૦૨૧ ના રોજ મળેલ. જે અત્રેના અપીલ રજીસ્ટરે નં.INQ/FAP/NO.05/૨૦૨૦–૨૧ થી નોંધ કરેલ છે. જે અપીલ અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) એ નીચે મુજબની પૂર્તતા કરેલ છે.

**જાહેર માહિતી અધિકારી તરફથી પૂર્તતાઃ–**

એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારી, નાગરિક સુવિધા કેન્દ્રના પત્ર નં.સીસીસી.સીઝેડ/આર.ટી.આઈ./આઉટ/૧૪૯૦, તા.૦૬/૦૯/૨૦૨૧ (કોમ્પ્યુટર આઈ.ડી. નં. ૩૦૦/૪૮૩૬૦) થી નમુના–ક ની અરજી અત્રેના ખાતાને તા.૦૬/૦૯/૨૦૨૧ નાં રોજ મળેલ છે. જે અન્વયે અત્રેના ઈન્કવાયરી ખાતાના ઉપલબ્ધ રેકર્ડ મુજબ અત્રેના પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૫૦૩, તા.૦૧/૧૦/૨૦૨૧ થી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (ઈન્કવાયરી) તરફથી માંગેલ માહિતીની નીચે મુજબની પૂર્તતા કરેલ છે.

<table>
<tr><th>અરજીના મુદ્દા નં.</th><th>માંગેલી માહિતી</th><th>પૂર્તતા</th></tr>
<tr><td>૧૪.</td><td>મહેશકુમાર પ્રભુલાલ જયમલાણીને કુલ કાર્યકાળમાં કયારે કયારે નોટિસ કે ચાર્જશીટ અથવા મેમો મળ્યા હોય તો તેની માહિતીની નકલ આપો.</td><td rowspan="2">માંગેલ માહિતી અન્વયે ઈન્કવાયરી વિભાગ પૂરતો લાગત પૂર્તતાઃ– નામદાર સુપ્રિમ કોર્ટની એપેલેટ બેન્ચ સમક્ષની સ્પે.લીવ પીટીશન (સીવીલ) નં.૨૭૭૩૪/ ૨૦૧૨ (ગીરીશ રામચંદ્ર દેશપાંડે વિ.સેન્ટ્રલ ઈન્ફોર્મેશન કમિશ્નર અને બીજા) ના કામે તા.૩/૧૦/૨૦૧૨ ના રોજ આપેલ રીપોર્ટેબલ જડ્જમેન્ટમાં પ્રતિપાદિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા તેમજ તે જ સિધ્ધાંત મુજબ નામદાર ગુજરાત આયોગના રાજય મુખ્ય માહિતી કમિશ્નરશ્રી બલવંતસિંઘ સાહેબે તેમની સમક્ષની બીજી અપીલ નં.અ–૩૭૧૫–૨૦૧૬ ના કામે આપેલ ચુકાદા મુજબ સરકારી અધિકારી વિરૂધ્ધની તપાસ/ફરિયાદ અંગેની માહિતી "અંગત" માહિતી ગણાતી હોય તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના સિવિલ અપીલ નં.૨૨/૨૦૦૯ કેનેરા બેંક વર્સીસ સી.એસ.શ્યામ એન્ડ અધર તા.૩૧/૦૮/૨૦૧૭ ના ચુકાદામાં તમોએ માંગેલ માહિતી જાહેર કરવાની બાબત વિશાળ જાહેર હિતમાં સંબંધ ધરાવતી હોવાનું જણાતુ ન હોય, માહિતી મેળવવાના અધિનિયમની કલમ–૮ (૧)(ઠ) ની જોગવાઈ મુજબ ત્રાહિત પક્ષકાર/અરજદારને માંગણી મુજબની માહિતી જાહેર કરવા જોગ નથી. જે જાણશો.<br>માંગેલ માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ હોય તો પણ ઉપરના ચુકાદા અનુસાર આપી શકાય નહી.</td></tr>
<tr><td>૧૮.</td><td>સુરત મહાનગરપાલિકાના રજિસ્ટર ચોપડામાં મહેશકુમાર પ્રભુલાલ જયમલાણી વિરુધ્ધ નોંધાયેલ નોટિસ કે ચાર્જશીટ અથવા મેમો મળ્યા હોય તો તેની માહિતી ઈનવર્ડ નંબર અને આઉટવર્ડ નંબર અને તારીખની સાથે અનુક્રમણિકા આપો.</td></tr>
</table>

અરજદારની નમુના–ક ની અરજીની વિગતોમાં મુદ્દા નં. ૧૪ માં " મહેશકુમાર પ્રભુલાલ જયમલાણીને કુલ કાર્યકાળમાં કયારે કયારે નોટિસ કે ચાર્જશીટ અથવા મેમો મળ્યા હોય તો તેની માહિતીની નકલ" અને મુદ્દા નં. ૧૮ માં "સુરત મહાનગરપાલિકાના રજિસ્ટર ચોપડામાં મહેશકુમાર પ્રભુલાલ જયમલાણી વિરુધ્ધ નોંધાયેલ નોટિસ કે ચાર્જશીટ અથવા મેમો મળ્યા હોય તો તેની માહિતી ઈનવર્ડ નંબર અને આઉટવર્ડ નંબર અને તારીખની સાથે અનુક્રમણિકા" ની માંગણી કરેલ.

જાહેર માહિતી અધિકારી ધ્વારા ઉપર અરજદારને કરવામાં આવેલ પૂર્તતામાં જણાવ્યા મુજબ "નામદાર સુપ્રિમ કોર્ટની એપેલેટ બેન્ચ સમક્ષની સ્પે.લીવ પીટીશન (સીવીલ) નં.૨૭૭૩૪/ ૨૦૧૨ (ગીરીશ રામચંદ્ર દેશપાંડે વિ.સેન્ટ્રલ ઈન્ફોર્મેશન કમિશ્નર અને બીજા) ના કામે તા.૩/૧૦/૨૦૧૨ ના રોજ આપેલ રીપોર્ટેબલ જડ્જમેન્ટમાં પ્રતિપાદિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા તેમજ તે જ સિધ્ધાંત મુજબ નામદાર ગુજરાત આયોગના રાજય મુખ્ય માહિતી કમિશ્નરશ્રી બલવંતસિંઘ સાહેબે તેમની સમક્ષની બીજી અપીલ નં.અ–૩૭૧૫–૨૦૧૬ ના કામે આપેલ ચુકાદા મુજબ સરકારી અધિકારી વિરૂધ્ધની તપાસ/ફરિયાદ અંગેની માહિતી "અંગત" માહિતી ગણાતી હોય તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના સિવિલ અપીલ નં.૨૨/૨૦૦૯ કેનેરા બેંક વર્સીસ સી.એસ.શ્યામ એન્ડ અધર તા.૩૧/૦૮/૨૦૧૭ ના ચુકાદામાં તમોએ માંગેલ માહિતી જાહેર કરવાની બાબત વિશાળ જાહેર હિતમાં સંબંધ ધરાવતી હોવાનું જણાતુ ન હોય, માહિતી મેળવવાના અધિનિયમની કલમ–૮ (૧)(ઠ) ની જોગવાઈ મુજબ ત્રાહિત પક્ષકાર/અરજદારને માંગણી મુજબની માહિતી જાહેર કરવા જોગ નથી. જે જાણશો. માંગેલ માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ હોય તો પણ ઉપરના ચુકાદા અનુસાર આપી શકાય નહી." મુજબનો અરજદારને પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૫૦૩, તા.૦૧/૧૦/૨૦૨૧ થી જવાબ (પુર્તતા) પાઠવવામાં આવેલ.

**<u>સુનાવણીની વિગતો :–</u>**

જાહેર માહિતી અધિકારીનો પૂર્તતા અહેવાલ, જોતાં પ્રથમ દર્શનીય રીતે જ સુનાવણી કરવાનું કોઈ કારણ જણાયેલ નથી. જેથી આ કિસ્સામાં સુનાવણી કરવામાં આવેલ નથી.

**અપીલ અધિકારીનું તારણ :–**

અરજદારે કરેલ હાલની પ્રથમ અપીલના અનુસંધાને જાહેર માહિતી અધિકારીની પુર્તતા જોતા, અરજદારશ્રીએ તા.૩૦/૧૦/૨૦૨૧ ના રોજ પ્રથમ અપીલ નાગરિક સુવિધા કેન્દ્રના પત્ર નં.સીસીસી/સી.ઝોન/આઉટ/૫૦૮, તા.૦૧/૧૧/૨૧ થી દાખલ કરેલ. જે અપીલ અત્રેના ઈન્કવાયરી ખાતાને તા.૦૨/૧૧/૨૦૨૧ ના રોજ મળેલ છે.

અરજદારની નમુના–ક ની અરજીની વિગતોમાં મુદ્દા નં. ૧૪ માં " મહેશકુમાર પ્રભુલાલ જયમલાણીને કુલ કાર્યકાળમાં કયારે કયારે નોટિસ કે ચાર્જશીટ અથવા મેમો મળ્યા હોય તો તેની માહિતીની નકલ" અને મુદ્દા નં. ૧૮ માં "સુરત મહાનગરપાલિકાના રજિસ્ટર ચોપડામાં મહેશકુમાર પ્રભુલાલ જયમલાણી વિરુધ્ધ નોંધાયેલ નોટિસ કે ચાર્જશીટ અથવા મેમો મળ્યા હોય તો તેની માહિતી ઈનવર્ડ નંબર અને આઉટવર્ડ નંબર અને તારીખની સાથે અનુક્રમણિકા" ની માંગણી કરેલ.

નામદાર સુપ્રિમ કોર્ટ તથા આયોગનાં ચુકાદાને આધિન જાહેર માહિતી અધિકારીએ આપેલ જવાબ યોગ્ય જણાતો હોય અપીલ નામંજુર કરવાના કારણો નીચે મુજબ છે.

(૧) આ કામના જાહેર માહિતી અધિકારી ધ્વારા સમયમર્યાદામાં યોગ્ય પ્રત્યુત્તર પાઠવેલ છે.

(૨) નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદાને આધિન ગુજરાત માહિતી આયોગના ચુકાદા અન્વયે શિક્ષાત્મક કાર્યવાહીની માહિતી અન્ય વ્યકિત અને નિવૃત્ત કર્મચારીને આપવા અંગે કોઈ સ્પષ્ટતા કરવામાં આવેલ નથી.

આમ, ઉપરોકત ચર્ચેલ વિગતે અરજદારની નમુના–ક ની અરજીમાં માંગ્યા મુજબ ઉપર જણાવેલ વિગતે જાહેર માહિતી અધિકારી તરફથી યોગ્ય તથા સમયસર જવાબ પાઠવવામાં આવેલ હોવાનું જણાતું હોય, અરજદારને હાલની આ અપીલ કરવાનું કોઈ કારણ ઉપસ્થિત થયેલું જણાતું નથી. તેથી હાલ અરજદાર અપીલમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર નથી. સબબ, નીચે મુજબ હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

અરજદારની અરજીના મધ્યસ્થ મહેકમ (ઈન્કવાયરી) વિભાગને લાગત જણાતા મુદ્દાઓ પરત્વે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ધ્વારા પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા યોગ્ય જણાતી હોય અપીલ અરજી દફતરે કરી અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર આ હુકમથી નારાજ હોય તો માહિતી મેળવવાના અધિનિયમની કલમ–૧૯(૩) તેમજ ગુજરાત માહિતીનો અધિકાર નિયમો–૨૦૧૦ ની કલમ–૬(૨) મુજબ આ હુકમ મળ્યાની તારીખથી દિન–૯૦ માં રાજય માહિતી કમિશ્નર, ગુજરાત માહિતી આયોગ, "કર્મયોગી ભવન" બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦ એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ગુજરાતને કરી શકશો.

વિકલ્પે

આયોગની વેબસાઈટ http://gic.gujarat.gov.in/default.aspx ઉપર Online બીજી અપીલ કરવા તમો હકકદાર છે.

(એમ. એસ. પટેલ )
ઈ.ચા.ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર અને
પ્રથમ અપીલ અધિકારી
સુરત મહાનગરપાલિકા, સુરત.

નં.જીએડી/ઈએસટી/આઈ/૬૫૪
તા. ૨૫/૧૧/૨૦૨૧

**એમ. એસ. પટેલ**
*ઈ.ચા.ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી*
*ઓફીસર અને અપીલ અધિકારી (RTI)*

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલીસરા, સુરત–૦૩
ફોન: ૨૪૨૩૭૫૧–૫૬ (એક્ષ.૩૪૧)
મો.નં. : ૯૭૨૪૩–૪૫૫૩૩

## પ્રથમ અપીલ

**અરજી નં.SMC/INQ/FAP/NO.06,**
**૨૦૨૧–૨૨**

**અરજદાર : શ્રી અન્સારી મો. જુનેદ મો. અકબર**
**સામાવાળા : સેકશન ઓફીસર(ઈન્કવાયરી) અને જાહેર માહિતી અધિકારી.**

***ફરીયાદની હકીકત :–***

**વિષયઃ–** આઈ.ડી.નં.૧૮૯૧ એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારી, નાગરિક સુવિધા કેન્દ્રના પત્ર નં.સીસીસી.સીઝેડ/આર.ટી.આઈ./આઉટ/૧૮૯૧, તા.૧૨/૧૦/૨૦૨૧ (કોમ્પ્યુટર આઈ.ડી. નં. ૩૦૦/૪૮૮૬૫) થી મળેલ અરજીમાં આજદિન સુધી કોઈ પણ માહિત મળેલ નથી એમ જણાવી તા.૨૪/૧૧/૨૦૨૧ થી પ્રથમ અપીલ કરેલ છે. જે જાહેર માહિતી અધિકારી અને એકિઝ.આસી. એન્ડ મેનેજર, નાગરિક સુવિધા કેન્દ્ર (સે.ઝોન) ના પત્ર નં.સી.સી.સી./સી.ઝોન/ આઉટ/૫૪૮, તા.૨૬/૧૧/૨૧ થી અત્રેના ખાતાને તા.૨૯/૧૧/૨૦૨૧ ના રોજ મળેલ અપીલ અરજી બાબત.

***અપીલના મુદ્દા :–***

અરજદારે અપીલમાં આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળની આઈ.ડી.નં.૧૮૯૧ એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારી, નાગરિક સુવિધા કેન્દ્રના પત્ર નં.સીસીસી.સીઝેડ/આર.ટી.આઈ./આઉટ/૧૮૯૧, તા.૧૨/૧૦/૨૦૨૧ (કોમ્પ્યુટર આઈ.ડી. નં. ૩૦૦/૪૮૮૬૫) થી મળેલ અરજીમાં આજદિન સુધી કોઈ પણ માહિત મળેલ નથી એમ જણાવી તા.૨૪/૧૧/૨૦૨૧ થી પ્રથમ અપીલ કરેલ છે. જે જાહેર માહિતી અધિકારી અને એકિઝ.આસી. એન્ડ મેનેજર, નાગરિક સુવિધા કેન્દ્ર (સે.ઝોન) ના પત્ર નં.સી.સી.સી./સી.ઝોન/આઉટ/૫૪૮, તા.૨૬/૧૧/૨૦૨૧ થી અત્રેના ખાતાને તા.૨૯/૧૧/૨૦૨૧ ના રોજ મળેલ છે. જે અપીલ અરજી અત્રેના અપીલ રજીસ્ટરે નં.INQ/FAP/NO.06/૨૦૨૦–૨૧ થી નોંધ કરેલ છે. જે અપીલ અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) એ નીચે મુજબની પૂર્તતા કરેલ છે.

**<u>જાહેર માહિતી અધિકારી તરફથી પૂર્તતાઃ–</u>**

એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારી, નાગરિક સુવિધા કેન્દ્રના પત્ર નં.સીસીસી.સીઝેડ/આર.ટી.આઈ./આઉટ/૧૮૯૧, તા.૧૨/૧૦/૨૦૨૧ (કોમ્પ્યુટર આઈ.ડી. નં. ૩૦૦/૪૮૮૬૫) જે અત્રેના ખાતાને તા.૧૩/૧૦/૨૦૨૧ નાં રોજ મળેલ છે. જે અન્વયે અત્રેથી પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૫૮૦, તા.૨૮/૧૦/૨૦૨૧ થી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (ઈન્કવાયરી) તરફથી માંગેલ માહિતીની નીચે મુજબની પૂર્તતા કરેલ છે.

| અરજીના મુદ્દા નં. | માંગેલી માહિતી | પૂર્તતા |
|---|---|---|
| ૦૪. | સુરત મહાનગરપાલિકામાં ફરજ બજાવતા અધિકારીઓ ગાયત્રી જરીવાલા (ડે.કમિશ્નર), જીગ્નેસ પટેલ (જુનિયર એન્જિનિયર), દિવ્યેશ પટેલ(જુનિયર એન્જિનિયર) ને તેમના નોકરી કાર્યકાળ દરમ્યાન તેમની સામે કોઈ ખાતાકીય પગલાં લેવાયા છે કે કેમ ? તેમણે ચાર્જશીટ, મેમો કે કારણદર્શક નોટીસ આપવામાં આવી છે કે કેમ ? જો આપેલ હોય તો તે તમામની સહી સિકકાવાળી નકલ, તારીખ કારણ સહિતની અને તે અનુસંધાને તેઓએ જે કોઈ જવાબ, બચાવ રજુ કરેલ હોય તે તથા સુરત મહાનગરપાલિકા ધ્વારા જે કોઈ ખાતાકીય પગલાં લીધા હોય, ખાતાકીય તપાસ થઈ હોય અને જે કોઈ કાર્યવાહી થઈ હોય તે તમામની લેખિત માહિતી તથા વિગતો. | **માંગેલ માહિતી અન્વયે ઈન્કવાયરી વિભાગ પૂરતો લાગત પૂર્તતાઃ–** નામદાર સુપ્રિમ કોર્ટની એપેલેટ બેન્ચ સમક્ષની સ્પે.લીવ પીટીશન (સીવીલ) નં.૨૭૭૩૪/ ૨૦૧૨ (ગીરીશ રામચંદ્ર દેશપાંડે વિ.સેન્ટ્રલ ઈન્ફોર્મેશન કમિશ્નર અને બીજા) ના કામે તા.૩/૧૦/૨૦૧૨ ના રોજ આપેલ રીપોર્ટેબલ જડ્જમેન્ટમાં પ્રતિપાદિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા તેમજ તે જ સિધ્ધાંત મુજબ નામદાર ગુજરાત આયોગના રાજય મુખ્ય માહિતી કમિશ્નરશ્રી બલવંતસિંઘ સાહેબે તેમની સમક્ષની બીજી અપીલ નં.અ–૩૭૧૫–૨૦૧૬ ના કામે આપેલ ચુકાદા મુજબ **સરકારી અધિકારી વિરૂધ્ધની તપાસ/ફરિયાદ અંગેની માહિતી ''અંગત'' માહિતી ગણાતી હોય** તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના સિવિલ અપીલ નં.૨૨/૨૦૦૯ કેનેરા બેંક વર્સીસ સી.એસ.શ્યામ એન્ડ અધર તા.૩૧/૦૮/૨૦૧૭ ના ચુકાદામાં તમોએ માંગેલ માહિતી **જાહેર કરવાની બાબત વિશાળ જાહેર હિતમાં સંબંધ ધરાવતી હોવાનું જણાતુ ન હોય,** માહિતી મેળવવાના અધિનિયમની કલમ–૮ (૧)(ઠ) ની જોગવાઈ મુજબ ત્રાહિત પક્ષકાર/અરજદારને માંગણી મુજબની માહિતી જાહેર કરવા જોગ નથી. જે જાણશો.<br>માંગેલ માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ હોય તો પણ ઉપરના ચુકાદા અનુસાર આપી શકાય નહી. |

૨...

અરજદારની નમુના–ક ની અરજીની વિગતોમાં મુદ્દા નં. ૦૪ માં " સુરત મહાનગરપાલિકામાં ફરજ બજાવતા અધિકારીઓ ગાયત્રી જરીવાલા (ડે.કમિશ્નર), જીગ્નેસ પટેલ (જુનિયર એન્જિનિયર), દિવ્યેશ પટેલ(જુનિયર એન્જિનિયર) ને તેમના નોકરી કાર્યકાળ દરમ્યાન તેમની સામે કોઈ ખાતાકીય પગલાં લેવાયા છે કે કેમ ? તેમણે ચાર્જશીટ, મેમો કે કારણદર્શક નોટીસ આપવામાં આવી છે કે કેમ ? જો આપેલ હોય તો તે તમામની સહી સિકકાવાળી નકલ, તારીખ કારણ સહિતની અને તે અનુસંધાને તેઓએ જે કોઈ જવાબ, બચાવ રજુ કરેલ હોય તે તથા સુરત મહાનગરપાલિકા ધ્વારા જે કોઈ ખાતાકીય પગલાં લીધા હોય, ખાતાકીય તપાસ થઈ હોય અને જે કોઈ કાર્યવાહી થઈ હોય તે તમામની લેખિત માહિતી તથા વિગતો." ની માંગણી કરેલ.

જાહેર માહિતી અધિકારી ધ્વારા ઉપર અરજદારને કરવામાં આવેલ પૂર્તતામાં જણાવ્યા મુજબ "નામદાર સુપ્રિમ કોર્ટની એપેલેટ બેન્ચ સમક્ષની સ્પે.લીવ પીટીશન (સીવીલ) નં.૨૭૭૩૪/ ૨૦૧૨ (ગીરીશ રામચંદ્ર દેશપાંડે વિ.સેન્ટ્રલ ઈન્ફોર્મેશન કમિશ્નર અને બીજા) ના કામે તા.૩/૧૦/૨૦૧૨ ના રોજ આપેલ રીપોર્ટેબલ જડ્જમેન્ટમાં પ્રતિપાદિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા તેમજ તે જ સિધ્ધાંત મુજબ નામદાર ગુજરાત આયોગના રાજય મુખ્ય માહિતી કમિશ્નરશ્રી બલવંતસિંઘ સાહેબે તેમની સમક્ષની બીજી અપીલ નં.અ–૩૭૧૫–૨૦૧૬ ના કામે આપેલ ચુકાદા મુજબ સરકારી અધિકારી વિરૂધ્ધની તપાસ/ફરિયાદ અંગેની માહિતી "અંગત" માહિતી ગણાતી હોય તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના સિવિલ અપીલ નં.૨૨/૨૦૦૯ કેનેરા બેંક વર્સીસ સી.એસ.શ્યામ એન્ડ અધર તા.૩૧/૦૮/૨૦૧૭ ના ચુકાદામાં તમોએ માંગેલ માહિતી જાહેર કરવાની બાબત વિશાળ જાહેર હિતમાં સંબંધ ધરાવતી હોવાનું જણાતુ ન હોય, માહિતી મેળવવાના અધિનિયમની કલમ–૮ (૧)(ઠ) ની જોગવાઈ મુજબ ત્રાહિત પક્ષકાર/અરજદારને માંગણી મુજબની માહિતી જાહેર કરવા જોગ નથી. જે જાણશો. માંગેલ માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ હોય તો પણ ઉપરના ચુકાદા અનુસાર આપી શકાય નહી." મુજબનો અરજદારને પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૫૮૦, તા.૨૮/૧૦/૨૧ થી જવાબ (પુર્તતા) પાઠવવામાં આવેલ.

**<u>સુનાવણીની વિગતો :–</u>**

જાહેર માહિતી અધિકારીનો પૂર્તતા અહેવાલ, જોતાં પ્રથમ દર્શનીય રીતે જ સુનાવણી કરવાનું કોઈ કારણ જણાયેલ નથી. જેથી આ કિસ્સામાં સુનાવણી કરવામાં આવેલ નથી.

**<u>અપીલ અધિકારીનું તારણ :–</u>**

અરજદારે કરેલ હાલની પ્રથમ અપીલના અનુસંધાને જાહેર માહિતી અધિકારીની પુર્તતા જોતા, અરજદારશ્રીએ તા.૨૪/૧૧/૨૦૨૧ ના રોજ પ્રથમ અપીલ નાગરિક સુવિધા કેન્દ્રના પત્ર નં.સીસીસી/સી.ઝોન/ આઉટ/૫૪૮, તા.૨૬/૧૧/૨૧ થી દાખલ કરેલ. જે અપીલ અત્રેના ઈન્કવાયરી ખાતાને તા.૨૯/૧૧/૨૦૨૧ ના રોજ મળેલ છે.

અરજદારની નમુના–ક ની અરજીની વિગતોમાં મુદ્દા નં. ૦૪ માં " સુરત મહાનગરપાલિકામાં ફરજ બજાવતા અધિકારીઓ ગાયત્રી જરીવાલા (ડે.કમિશ્નર), જીગ્નેસ પટેલ (જુનિયર એન્જિનિયર), દિવ્યેશ પટેલ(જુનિયર એન્જિનિયર) ને તેમના નોકરી કાર્યકાળ દરમ્યાન તેમની સામે કોઈ ખાતાકીય પગલાં લેવાયા છે કે કેમ ? તેમણે ચાર્જશીટ, મેમો કે કારણદર્શક નોટીસ આપવામાં આવી છે કે કેમ ? જો આપેલ હોય તો તે તમામની સહી સિકકાવાળી નકલ, તારીખ કારણ સહિતની અને તે અનુસંધાને તેઓએ જે કોઈ જવાબ, બચાવ રજુ કરેલ હોય તે તથા સુરત મહાનગરપાલિકા ધ્વારા જે કોઈ ખાતાકીય પગલાં લીધા હોય, ખાતાકીય તપાસ થઈ હોય અને જે કોઈ કાર્યવાહી થઈ હોય તે તમામની લેખિત માહિતી તથા વિગતો." ની માંગણી કરેલ.

નામદાર સુપ્રિમ કોર્ટ તથા આયોગનાં ચુકાદાને આધિન જાહેર માહિતી અધિકારીએ આપેલ જવાબ યોગ્ય જણાતો હોય અપીલ નામંજુર કરવાના કારણો નીચે મુજબ છે.

(૧) આ કામના જાહેર માહિતી અધિકારી ધ્વારા સમયમર્યાદામાં યોગ્ય પ્રત્યુત્તર પાઠવેલ છે.

(૨) નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદાને આધિન ગુજરાત માહિતી આયોગના ચુકાદા અન્વયે શિક્ષાત્મક કાર્યવાહીની માહિતી અન્ય વ્યકિત અને નિવૃત્ત કર્મચારીને આપવા અંગે કોઈ સ્પષ્ટતા કરવામાં આવેલ નથી.

આમ, ઉપરોકત ચર્ચેલ વિગતે અરજદારની નમુના–ક ની અરજીમાં માંગ્યા મુજબ ઉપર જણાવેલ વિગતે જાહેર માહિતી અધિકારી તરફથી યોગ્ય તથા સમયસર જવાબ પાઠવવામાં આવેલ હોવાનું જણાતું હોય, અરજદારને હાલની આ અપીલ કરવાનું કોઈ કારણ ઉપસ્થિત થયેલું જણાતું નથી. તેથી હાલ અરજદાર અપીલમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર નથી. સબબ, નીચે મુજબ હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

અરજદારની અરજીના મધ્યસ્થ મહેકમ (ઈન્કવાયરી) વિભાગને લાગત જણાતા મુદ્દાઓ પરત્વે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ધ્વારા પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા યોગ્ય જણાતી હોય અપીલ અરજી દફતરે કરી અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર આ હુકમથી નારાજ હોય તો માહિતી મેળવવાના અધિનિયમની કલમ–૧૯(૩) તેમજ ગુજરાત માહિતીનો અધિકાર નિયમો–૨૦૧૦ ની કલમ–૬(૨) મુજબ આ હુકમ મળ્યાની તારીખથી દિન–૯૦ માં રાજય માહિતી કમિશ્નર, ગુજરાત માહિતી આયોગ, "કર્મયોગી ભવન" બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦ એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ગુજરાતને કરી શકશો.

**વિકલ્પે**

આયોગની વેબસાઈટ http://gic.gujarat.gov.in/default.aspx ઉપર Online બીજી અપીલ કરવા તમો હકકદાર છે.

(એમ. એસ. પટેલ )
ઈ.ચા.ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર અને
પ્રથમ અપીલ અધિકારી
સુરત મહાનગરપાલિકા, સુરત.

નં.જીએડી/ઈએસટી/આઈ/૬૯૦
તા.૦૯/૧૨/૨૦૨૧